


## સલામી સવારની..

*ખેંચીને ઘરમાં એકલાને પેંચવાની રમત!*
*અંત સુધી, દબાવી શ્વાસ, દબોચવાની રમત!*
*છે 'હું' ને 'તું'ની રમત, હું તું તું કહો કે કબડ્ડી -*
*છે ભારતીય ભેટ, આ પગ ખેંચવાની રમત!*
*(વિશ્વ સ્પર્ધા શરૂ)*

હાઈકુ

*એવોર્ડ માટે?!*
*કે ચૂંટણી કારણે?!*
*ખેલાયો ખેલ?!*
*(કારગીલ્ટ!)*

*ભરે મિટીંગો -*
*- લ્યો! હિંમતપૂર્વક,*
*સીમાડે જઈ...*
*(રાજનાથ ઝૂંબેશ)*

## ચિંતન

*નાભિષે કો ન સંસ્કારઃ સિંહસ્ય ક્રિયતે વને ।*
*વિક્રમાર્જિતસત્ત્વસ્ય સ્વયમેવ મૃગેન્દ્રતા ॥*

વનમાં સિંહનો રાજ્યાભિષેક કે સંસ્કાર થતો નથી પરાક્રમથી પ્રાપ્ત કરેલા બળને લીધે તે પોતાની જાતને જ પશુઓનો રાજા બને છે.

આજે તો ચૂંટણીઓ પછી પક્ષો અને સભ્યો ખરીદીની મોટી ઉથલપાથલ થાય અને વડા કે મુખ્યપ્રધાન થવા 'કરોડો'નો ધૂમાડો થાય પછી 'રાજ્યાભિષેક' થાય - ઘણીવાર દબાણો અને વગ પણ કામ કરે છે.

આજકાલ આપ બળે - પોતાના સાત્ત્વિક ગુણોથી લોકમતથી અને સર્વમાન્ય હોદ્દો પ્રાપ્ત થાય તેઓ હવે 'સ્વપ્ન' જેવું થઈ ગયું છે. સર્વ સ્વીકૃત - માનવીય વંદનીય 'રાજા' મળવા હવે અશક્ય જેવું થઈ ગયું છે.

અહીં 'સિંહ' ના રાજ્યાભિષેકનું દૃષ્ટાંત આપી આ વાત સરસ રીતે સમજાવી છે.

## સુવિચાર

- માણસ જેટલું પામવા યોગ્ય છે એના કરતા એની ઈચ્છા પુષ્કળ વધુની હોય છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- જીવન માત્ર નિશ્ચિત માર્ગે ચાલવામાં સમાઈ જતું નથી,
  જીવન તો રસ્તો શોધી કાઢવામાં રહેલું છે - **શેખ સાદી**
- જીંદગીના પ્યાલામાં જે કંઈ ઢોળાઈ ગયું છે એનો વિચાર મનમાંથી કાઢી નાખી જેટલું ભરેલું છે એનો આનંદ માણી લેવાનો નિશ્ચય કરવો જોઈએ - **વોલ્તેર**
- જે કંઈ આપણી પાસે છે, તેને જો વિવેકપૂર્વક આપણે વાપરતા અને માણસા શીખીએ તો જીંદગી સામે ઝાઝી ફરિયાદ ન કરે - **હરિન્દ્ર દવે**
- ઉમદા પુરુષો બહુ ઓછું બોલે છે, જેથી તેના શબ્દો કિંમતી હોય છે - **નવનીત**
- જવાબ આપતાં પહેલાં એકને, નિર્ણય લેતાં પહેલાં અનેકને સાંભળો - **જસ્ટીસ ભગવતી**
- આજનું ઔષધ : નિયમિત પગના તળિયે ઘી ઘસવામાં આવે તો નાની ઉંમરમાં વાળ સફેદ થવાની તકલીફ દૂર થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

આજકાલ તો નેતાઓ કેન્ટ્રેક્ટ આપી પૈસાથી ભીડ ભેગી કરે છે અથવા પક્ષને કે સ્થાનિક અધિકારીઓને આ જવાબદારી સોંપવામાં આવે છે. વંદનીય-પૂજ્ય 'નેતૃત્વ'ને સાંભળવા - જોવામાં હવે લોકોને રસ રહ્યો નથી. એવા પવિત્ર નેતાઓ પણ હવે શોધ્યા મળે તેમ નથી.

પંડિત જવાહર નહેરુ ઉનાળાની બપોરે લંકાના પ્રવાસે પહોંચ્યા - તેમના દર્શનાર્થે રસ્તાની બંને બાજુ સ્ત્રીઓ - બાળકો વૃદ્ધો ઘણા સમયથી ઊભાં હતા. વિમાન એરપોર્ટ પર ઉતરતાં નહેરુએ આ જોઈ લીધું હતું.

તેમની સુરક્ષા માટે કાળા કાચવાળી પેક ગાડી લેવા આવી હતી. (એ.સી.)

નહેરુએ કહ્યું, 'હું આ ગાડીમાં ગેસ્ટહાઉસ નહીં જાઉં - મારા માટે ખુલ્લી જીપની વ્યવસ્થા કરો! મારા માટે પ્રજા એક કલાકથી તડકામાં ઊભી છે અને હું બંધ ગાડીમાં તેમનાં દર્શન કર્યા વિના ગેસ્ટહાઉસ પહોંચી જાઉં એ મને માન્ય નથી.'

તાત્કાલિક ખુલ્લી જીપની વ્યવસ્થા થઈ અને પંડિતજી તડકામાં ઊભા ઊભા પ્રજાનું અભિવાદન ઝીલતા ગેસ્ટહાઉસ પહોંચ્યા.

# નેતાઓ વામણા સાબિત થઈ રહ્યા છે

રાજકારણીઓ ગમે તેવી ઘટનાઓ પોતાના લાભમાં ફેરવવાની કળામાં નિષ્ણાત હોય છે. ધર્મનું ઓઠું લઈને, રામજન્મભૂમિના નામે કે રામસેતુના નામે આવી રાજરમત રમાતી રહી છે. સૈન્યની સિદ્ધિને અંગત સિદ્ધિ તરીકે ખપાવવાનો શાસક પક્ષનો પ્રયાસ પણ આવી જ એક નિંદનીય ઘટના લેખાવી જોઈએ. આવી ઘટનાઓ મતદારો સમક્ષ પોતાની તરફેણમાં કરીદ દેવાના હેતુથી થતો કુપ્રચાર એ આપણી લોકશાહીની વિડંબના છે. કેન્દ્ર સરકાર પાક અધિકૃત કાશ્મીરમાં ભારતીય સેના દ્વારા કરાયેલા સર્જિકલ સ્ટ્રાઈકનો વધુમાં વધુ રાજકીય ફાયદો મેળવવા પ્રયાસરત છે. એ સાચું કે આપણી સેના ચૂંટાયેલી સરકારની મંજૂરી વગર આવાં આકરાં પગલાં લઈ શકતી નથી. આપણા રાષ્ટ્રપતિ સેનાની ત્રણે પાંખોના સર્વોચ્ચ સરસેનાપતિ ગણાય છે. રાષ્ટ્રપતિએ મંત્રીમંડળની સલાહ મુજબ વર્તવાનું હોય છે. આમ, સર્જિકલ સ્ટ્રાઈકનું વ્યૂહાત્મક પગલું અંતે તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આદેશથી જ સાકાર બન્યું હતું. હવે ભારતીય જનતા પાર્ટી એનો રાજકીય લાભ અંકે કરવા એનાં પ્રચાર પોસ્ટરોમાં સર્જિકલ સ્ટ્રાઈક કરવા જતા સૈનિકોનાં ચિત્ર છાપીને જે મર્યાદા ઓળંગી રહી છે એની સામે અવાજ ઉઠાવવા જતાં કેજરીવાલ કે સંજય નિરુપમ જેવા વિપક્ષના નેતાઓ પોતાનાં જ નિવેદનોની જાળમાં ફસાઈ ગયા છે. રાહુલ ગાંધીએ એમની કિસાનયાત્રાની સમાપ્તિ વખતે કરેલું વિધાન પાર્ટીને મૂંઝવણભરી સ્થિતિમાં મૂકનારું નીવડ્યું છે. સર્જિકલ સ્ટ્રાઈક મુદ્દે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારને બિરદાવી હતી. પરંતુ હવે જયારે એ મુદ્દે સત્તાધારી પાર્ટી દ્વારા રાજકીય લાભ ખાટવાનો પ્રયાસ થઈ રહ્યો છે અને માથા પર પંજાબ, ઉત્તરપ્રદેશ, ગોવા અને ગુજરાતની વિધાનસભાની ચૂંટણીઓ ઝળૂંબી રહી છે ત્યારે પ્રજા સમક્ષ સત્તાધારી પાર્ટીની આ ચાલ ખુલ્લી પાડવાની ધખનામાં રાહુલ ગાંધી વધુ પડતા આક્રમક બની ગયા. એમણે મોદી દેશ માટે શહીદી વહોરનારા સૈનિકોના 'લોહીની દલાલી' કરી રહ્યા છે - એવું આકરું નિવેદન કરી દીધું, જે હવે એમની સામે બૂમરેંગ થઈ રહ્યુ છે. 'દલાલી' શબ્દપ્રયોગ સંદર્ભે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે છેક બોફોર્સ કાંડની યાદ અપાવીને રાહુલ ગાંધીની મજાક ઉડાવી. ભલે સૈનિકો પ્રત્યે સદ્ભાવપૂર્વક જ વાત કહેવાઈ હોય, પરંતુ 'લોહીની દલાલી' શબ્દપ્રયોગ ખુદ શહીદ સૈનિકોના પરિવારોને પણ ખૂંચ્યો છે. 'ખૂન કે સૌદાગર' જેવો શબ્દપ્રયોગ ૨૦૦૨નાં કોમી રમખાણો સંદર્ભે સોનિયા ગાંધીએ

**તંત્રીસ્થાનેથી...**

કરેલો, જે મોદીને ફળ્યો હતો. આખરે ભાષા તો બેધારી તલવાર છે. જો એનો સંયમિત રીતે ઉપયોગ કરવામાં ન આવે તો એ બોલનારને જ વધેરી નાખે છે. રાહુલ ગાંધી સામે ભારતીય જનતા પાર્ટીને વગર મહેનતે વણમાગ્યું હથિયાર મળી ગયું છે. એક વાર મોંમાંથી નીકળી ગયેલા શબ્દો 'પાછા ખેંચવાથી' પણ પાછા વળતા નથી. રાહુલના બચાવમાં ઊતરેલા કપિલ સિબ્બલે વળી અમિત શાહને ગુનેગાર ગણાવ્યા, એમને જેલમાં જવું પડેલું અને તડી પાર કરાયેલા એનું સ્મરણ કરાવ્યું; એટલે તત્કાળ કેન્દ્રીય કાયદામંત્રી અને સરકારના પ્રવક્તા રવિશંકર પ્રસાદે મોરચો સંભાળ્યો અને સોનિયા-રાહુલ નેશનલ હેરાલ્ડ કેસમાં જામીન પર છે, તેની યાદ અપાવી. પ્રજાને એના નેતાઓ પ્રત્યે સદ્ભાવ રહે એવું વાતાવરણ સર્જવાને બદલે બધા એકબીજાની ઘોર ખોદવામાં જ પડ્યા હોય એવું નથી લાગતું? સર્જિકલ સ્ટ્રાઈક જેવા સંરક્ષણ મુદ્દાનો રાજકીય લાભ ખાટવાનો શાસક પાર્ટીનો પ્રયાસ હોય કે એનો વિરોધ કરવા મર્યાદા ઓળંગી એંગ્રી યંગમેનની ભૂમિકામાં રાહુલે કરેલી ફિલ્મી ડાયલોગબાજી : બેઉ પ્રત્યે પ્રજાએ તો દયા જ ખાવી રહી.

# ધ ફ્યુચર ઑફ વાઈલ્ડ લાઈફ ઈસ ઈન અવર હેન્ડસ્' - વન્યજીવોનું ભવિષ્ય આપણાં હાથમાં છે

ગઈકાલે જ વન્યજીવન સપ્તાહ પૂર્ણ થયું. અહિંસાના દૂત અને પુજારી એવા આપણા ગુજરાત રાજયના વિશ્વવિભૂતિ મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ ૨જી ઓક્ટોબરને ધ્યાનમાં લઈને વન્યજીવોના રક્ષણ માટે લોકજાગૃતિ આવે તેવા હેતુથી ૨ ઑક્ટોબરથી ૮ ઑક્ટોબર સુધી એક સપ્તાહ આપણે વન્યજીવ સપ્તાહ 'Wildlife Week' તરીકે ઊજવીએ છીએ.



વન્યજીવોના સંરક્ષણની ગંભીરતાને ધ્યાને લઈને ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૫૨માં ઈન્ડિયન બોર્ડ ઑફ વાઈલ્ડ લાઈફની રચના કરવામાં આવી. જેનું નામ ત્યારબાદ 'નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફ' રખાયું છે. વન્યજીવ સંરક્ષણના મહત્ત્વને ધ્યાનમાં લઈને આ બોર્ડના ચેરપર્સનનું સ્થાન વડાપ્રધાન અને વાઈસ ચેરપર્સનનું સ્થાન દેશના વનમંત્રી સંભાળે છે. તેજ પ્રમાણે સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફના ચેરપર્સન જે તે રાજયના મુખ્યપ્રધાન અને વાઈસ ચેરપર્સન તરીકે રાજયના વનમંત્રી હોય છે. આ બંને બોર્ડ રાષ્ટ્રીય અને રાજય કક્ષાએ વન્યજીવોના સંરક્ષણ, વિકાસ અને વ્યવસ્થાપન માટેના યોગ્ય તે પગલાં લે છે. નીતિઓ, નિયમો, કાયદાઓનું ઘડતર, સુધારા-વધારા કરીને વન્યજીવોના શિકાર તથા ગેરકાયદેસર વેપારને કાબુમાં લેવા માટેના પગલાં સૂચવે છે. આ બોર્ડ દ્વારા વર્ષ ૧૯૭૨માં વન્યજીવ સપ્તાહ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. સામાન્ય રીતે આવી ઉજવણીઓ એક દિવસ માટે નિયત કરાય છે. પરંતુ વન્યજીવ રક્ષણના કાર્યને તેના યોગ્ય સ્વરુપે ભારપૂર્વક ઉજવાય તે હેતુથી સાત દિવસ માટે યોજવાનું નક્કી કરાયું છે એક આવકાર્ય બાબત છે.

વિશ્વકક્ષાએ વર્ષ ૨૦૧૩થી 'વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડે - વિશ્વ વન્યજીવ દિન' ઉજવવા માટે યુનાઈટેડ નેશન્સ દ્વારા નક્કી કરાયું. વર્ષ ૧૯૩૨ની ૩ જી માર્ચ એટલે કે ૩/૩/૧૯૭૩ ના દિવસે વન્યજીવોના વિશ્વકક્ષાએ થતાં ગેરકાયદેસર વેપારને નિયંત્રિત કરવા તથા કાબુમાં લેવા માટે 'કન્વેન્શન ઓન ઈન્ટરનેશનલ ટ્રેડ ઈન એન્ડેન્ઝર્ડ સ્પીસીસ (CITES)' પર હસ્તાક્ષરો થયા હતાં. તેની યાદમાં પ્રત્યેક વર્ષની ત્રીજી માર્ચને 'વર્લ્ડ વાઈલ્ડલાઈફ ડે' તરીકે ઉજવવાનું નક્કી કરાયું છે.

વર્ષ ૨૦૧૬ના વિશ્વ વન્યજીવ દિનનો થીમ - વિષયવસ્તુ 'ધ ફ્યુચર ઑફ વાઈલ્ડ લાઈફ ઈસ ઈન અવર હેન્ડસ્' - વન્યજીવોનું ભવિષ્ય આપણાં હાથમાં છે.' રખાયું હતું. તેમાં પણ ખુબ જ સંવેદનશીલ અને પ્રતિકાર વિનાનું ખુબ જ પ્રચલિત અને લોકપ્રિય પ્રાણી એવા હાથીના સંરક્ષણ તરફ ખાસ ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. અતિ ચિંતાજનક હકીકતએ છે કે વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૨ એમ ફક્ત ત્રણ જ વર્ષના ટૂંકા ગાળામાં ૧,૦૦,૦૦૦ જેટલા હાથીઓ તેના દંતશૂળ - હાથીદાંત માટે શિકાર કરી મરાયાં હતા. એશિયાઈ હાથીમાં દંતશૂળ ફક્ત નરને હોય છે. જયારે આફ્રિકન હાથીમાં નર અને માદા બંને દંતશૂળ (બે લાંબા દાંત) ધરાવે છે. એશિયાઈ હાથીઓના પ્રમાણમાં આફ્રિકન હાથઓનાં શિકારનું પ્રમાણ ઘણું વધારે છે તેમાં નર અને માદા બંને દંતશૂળ ધરાવતાં હોઈ હણાય છે.




વન્યજીવોના વાસસ્થાનોનો વિનાશ અને તેમનો શિકાર એ બે મુખ્ય સમસ્યાઓ છે અને હવે આ સમસ્યાઓનું નિરાકરણ કરવાની મર્યાદા આવી ચુકી છે. અસરકારક પગલાંઓ નહીં લેવા તો જૈવિક વિવિધતાનો નાશ અને મોટાભાગની હંમેશા માટે લુપ્ત થઈ જશે.

# એસિડ એટેક : જરૂર છે આકરા કાયદા અને સામાજિક બદલાવની...!

'ઘરમાં લાગેલા બધા જ અરીસા અને એવી બધી જ ચીજો હટાવી દેવાઈ કે જેમાં હું મારું મોઢું જોઈ શકું. સર્જરીના અઢી મહિના પછી હું મારું ખુદનું મો જોવા તલપાપડ હતી પણ અફસોસ કે ઘરમાં કોઈ અરીસો જ નહોતો રહેવા દીધો મારા કુટુંબીઓએ. એક વખત પાપાની સાથે એમના કોઈ દોસ્તની ઘરે ગઈ ત્યારે પહેલીવાર મારું મો મેં અરીસામાં જોયું, અને જોતાવેત જ મારા પગ નીચેથી જમીન ખસી ગઈ..!! હું કલ્પી જ ના શકી કે આ મારો ચહેરો છે, આટલો કદરૂપો ? '' આ શબ્દો છે એસીડ એટેકનો શિકાર બનેલી લક્ષ્મીના. ૨૦૦૫ની ૨૧ એપ્રિલે એના ચહેરા પર એસીડ ફેંકાયેલો. પોતાનાથી બમણી ઉમરના છોકરાના પ્રેમ-પ્રસ્તાવનો અસ્વીકાર કરવા બદલ બદલો લેવાની ક્રૂર ભાવનાથી એ છોકરાએ એના ભાઈની ગર્લફ્રેન્ડ સાથે મળીને લક્ષ્મીના ચહેરા પર એસીડ છાંટેલો. આ એટેકમાં લક્ષ્મી ૪૫% દાઝી ગયેલી અને વર્ષો સુધી ઘર બહાર નહોતી નીકળી શકી. 'બધા જ મને બિચારી ગણતા હતા, અમુક કુટુંબીઓ તો તારી સાથે આવું જ થવું જોઈએ એવા ટોણા પણ મારતા હતા પણ મારા માં-બાપે મને બહુ જ સપોર્ટ કર્યો અને આજે હું સમાજમાં માનભેર આવા જ ચહેરા સાથે જીવું છું '

આજે આટલા વર્ષો પછી લક્ષ્મી પોતાની સંસ્થા 'છાવ ફાઉન્ડેશન' દ્વારા સમાજમાં આવા ઘાતક એટેકોની શિકાર બનેલી મહિલાઓને મદદ અને માર્ગદર્શન પૂરું પડે છે પણ બધા કાઈ લક્ષ્મી જેવા નસીબદાર નથી હોતા. એસીડ એટેકના શિકાર બનેલા મોટાભાગના તો મૃત્યુ જ પામે છે અને જે બચી જાય છે એ કદરૂપા ચહેરા અથવા તો ઝુલસેલા શરીર સાથે બાકીની જિંદગી ભાગ્યે જ જીવી શકે છે. આ વાંચવામાં જેટલું સહેલું દેખાય છે એટલું ખરેખર અસલમાં અઘરું છે. કોઈ સ્ત્રી કે છોકરીના ચહેરા કે શરીર પર ફેંકાતો એસિડ કે તેજાબ એ સ્ત્રી કે છોકરીના ખુબસુરત ચહેરાને પળવારમાં કદરૂપો અને જીવનને અંધકારમય બનાવી દે છે. એસીડ ફક્ત પીડિતાના શરીરને જ નહી પણ એની આખી જિંદગીને બાળી ચુક્યો હોય છે. મોટાભાગના કેસમાં તો આંખોની રોશની જ ચાલી જાય છે અને કાન કે હાથ પગ કામ કરવાનું બંધ કરી દે છે. એસીડ એટેકનો ભોગ બનનાર જીવતી લાશ બનીને રહી જાય છે અને એને અને એના કુટુંબીઓને ઝેલવું પડે છે અસહ્ય દર્દ...!! સ્ત્રીઓ ઉપર થતા અત્યાચારોમાં એસીડ ફેંકવાનો અત્યાચાર કદાચ ઘરેલું હિંસા પછીના ક્રમે આવે છે. ભારતમાં મોટાભાગના એસીડ એટેકનું કારણ એકતરફી પ્રેમમાં નિષ્ફળતા, પ્રેમપ્રસ્તાવનો અસ્વીકાર કે અનૈતિક માંગણીને તાબે ના થવાનું કારણ મુખ્ય હોય છે જ હોય છે. જો કે એસીડ એટેક કરવો એટલો સહેલો અને હાથવગો છે કે આ સિવાયના પણ નાના-મોટા કારણોથી ઉશ્કેરાઈને પણ આવા બનાવો બનતા રહે છે.

અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલીયા જેવા વિકસિત દેશોમાં પણ એસીડ એટેકની ઘાતકતા વધતા ઓછા અંશે જોવા મળે જ છે પણ ખાસ કરીને દક્ષીણ એશિયાના દેશોમાં એના બનાવો વધુ બને છે. ભારતમાં પ્રેમપ્રસંગ કે પછી જાતીય વિકૃતતા આનું એક કારણ છે તો પાકિસ્તાન જેવા દેશમાં મોટાભાગે પતિ પત્નીનો ચહેરો એટલા માટે એસીડ ફેંકીને બગડી નાખે છે કે યા તો એ એના તાબામાં નથી અથવા તો એને ગમતી નથી. અફઘાનિસ્તાન અને ઈરાન જેવા તાલીબાની દેશોમાં છોકરીઓને માથું ના ઢાંકવાને લીધે કે પછી ભણવા માટે સ્કુલ જવાને લીધે એસીડ એટેકોનો શિકાર બનવું પડે છે. યાદ છે ને નોબેલ પ્રાઈઝ વિનર મલાલા કે જેના પર થયેલા હુમલાનું કારણ એનો શિક્ષણ પ્રત્યેનો પ્રેમ જ હતો. એસીડ સર્વાઈવલ ટ્રસ્ટ ઈન્ટરનેશનલ નામની એસીડ એટેકની ઘટનાઓ અને એના વિકટીમો પર કામ કરતી સંસ્થાએ ૨૦૧૫માં કરેલા એક સર્વેક્ષણ મુજબ દર વર્ષે દુનિયાભરમાં લગભગ ૧૫૦૦ જેવી એસીડ એટેકસની ઘટનાઓ બને છે. ચોંકાવનારી વાત એ છે કે આ ૧૫૦૦ જેવી ઘટનાઓમાં એસીડ એટેકનો શિકાર બનેલી વ્યક્તિઓમાં ૮૦% જેવી સ્ત્રીઓ હોય છે અને આ ૮૦% માં પણ લગભગ ૭૦% સ્ત્રીઓની ઉમર ૧૮ વર્ષ કે એની આસપાસની હોય છે. આ સર્વેનું એક વધુ ચોકાવનારું તારણ એ છે કે આ ૧૫૦૦માંથી અડધાથી વધુ ઘટનાઓનું ઘટનાસ્થળ ભારત હોય છે. છે ને અત્યંત ચોકાવનારું ?




દક્ષીણ એશિયાઈ દેશો જેવા કે બાંગ્લાદેશ, કમ્બોડિયા, પાકિસ્તાન, ઈરાન, અફઘાનિસ્તાનમાં મહિલાઓ પર થતા એસીડ એટેક્સના બનાવોમાં ભારત અને બાંગ્લાદેશ આગળ છે. બીજા દેશોની સરખામણીએ ભારતમાં એસીડ એટેક્સના બનાવોમાં અત્યંત વધારો નોંધાયો છે. આગળ લખ્યું એમ મોટાભાગના બનાવોનું કારણ લગન, સેક્સ કે પ્રેમનો ઈનકાર કે પછી અમુક કિસ્સાઓમાં દહેજ હોય છે. આ સિવાય જમીન-જાયદાદના ઝગડા કે ધંધાકીય દુશ્મનાવટમાં પણ એસીડ એટેક્સ થાય છે એમાં દુખની વાત એ છે કે આનો ભોગ મોટાભાગે સ્ત્રીઓ જ બને છે.એસીડ એટેકના કોઈ ચોક્કસ કે સરકારી આંકડા ઉપલબ્ધ નથી એનું કારણ એ છે કે મોટાભાગના કિસ્સામાં અપરાધી કુટુંબી કે ઓળખાણવાળો જ હોય છે જેથી ફરિયાદ કરવાનું ટળાય છે.જે કોઈ પણ આંકડા ઉપલબ્ધ છે એ તો માત્ર નોંધાયેલી કે જાહેરમાં આવેલી ઘટનાઓની પોલીસ કે સરકારી ચોપડે નોંધ પરથી જ છે. આનો અર્થ એ જ કે આવી ઘટનાઓની સંખ્યા આનાથી પણ વધુ હોવાની.કોઈ પણ સમાજ માટે આવા લાંછનરૂપ બનાવો કાળી ટીલી જ ગણી શકાય. સ્ત્રી સમાનતા અને સ્ત્રી પ્રગતીની કે વીમેન એમ્પાવરમેન્ટની વાતો કરતા વી ધ ઈન્ડિયનમાંથી જ આવા રાવણો જન્મે છે અને આવી નિંદનીય ઘટનાઓ કરે છે એ શરમની વાત કહેવાય.

૨૦૧૩માં કાયદામાં સુધારો કરીને ૧૦ વર્ષ સુધીની જેલ અને જરૂર પડે તો આજીવન કેદનું પ્રાવધાન કરાયું છે આ ઉપરાંત એમની મફત સારવાર, પુનર્વસન વગેરે જોગવાઈ છે પણ જે કાયદો છે એની પ્રક્રિયા જ એટલી લાંબી છે કે ફેસલો આવતા આવતા તો વર્ષો નીકળી જાય પણ ભોગ બનનાર મહિલાનું જીવવું તો ઓલરેડી હરામ થઈ જ ગયેલું હોય છે. સમાજ પણ આવા પીડિતો પ્રત્યે સહીષનુ નથી બની શક્યો. હજુ આજે પણ

અનુસંધાન પાના નં. ૭ પર

# ભીખુ કવિ - કવિ કે જાદુગર?



ઘણી વખત આપણા જીવનમાં આવતી કેટલીક વ્યક્તિઓ કોઈને કોઈ રીતે ભૂલાતી નથી હોતી કેમ કે આવી વ્યક્તિઓને ઈશ્વર અમુક પ્રકારની ખાસિયતો વિશિષ્ટતાઓ કે વિચિત્રતાઓ આપીને પૃથ્વી ઉપર ઉતારતી હોય છે. આ પ્રકારની વ્યક્તિઓ ગમે ત્યાં જાય... આસપાસના વ્યક્તિઓમાં અને વાતાવરણમાં છવાઈ જતી હોય છે. (છવાઈ જવાના કારણો જુદા જુદા હોઈ શકે છે)

હું કોલેજકાળમાં ગ્રેજ્યુએશન કરતો એ વખતે નવો નવો નાટકના અને પેનફ્રેન્ડ બનાવવાના રવાડે ચડેલો ફેસબુકનો જન્મ તો હમણાં થયો પણ મેં એ વખત (૧૯૯૦ આસપાસ) પેનફ્રેન્ડ ડિરેક્ટરી બહાર પાડેલી. મને યાદ છે એ વખત મારે એક પત્ર આવેલો, ખેડબ્રહ્માથી એ ડિરેક્ટરીમાં નામ ફોટો સમાવવા માટે. પત્રના અક્ષરો એટલા બધા સુંદર અને મરોડદાર હતા કે છોકરી હોય તો ખરેખર પ્રેમમાં પડી જવાય. એ પત્ર હતો ભીખુ કવિનો. ગુજરાતી સાહિત્યમાં નરસિંહ મહેતાથી લઈને તારક મહેતા સુધીની સર્જકોમાં ભીખુ નામના બે જ સર્જકો છે એક લંડનમાં 'લોર્ડ ભીખુ પારેખ' અને બીજા ભીખુ કવિ જે હવે ખેડબ્રહ્મા મૂકીને ગાંધીનગર સ્થિર થયા છે. પત્ર લખવામાં હું પણ પાછો પડું તેવો નહોતો તેથી મેં પણ ભીખુ ભાઈને પ્રભાવિત કરવા રંગીન પત્ર લખેલો અને પત્રની અસર એટલી જોરદાર થયેલી કે ભીખુભાઈ હજી પણ મારાથી પ્રભાવિત છે. જો કે એમનો પત્ર પણ એટલો જોરદાર હતો કે હું પણ હજીયે તેમનાથી પ્રભાવિત છું (સુનામી જેમ) આ ભીખુભાઈનું વ્યક્તિત્વ આમ જોઈએ તો 'સુનામી' જેવું...માત્ર ફરક એટલો કે સુનામી કહ્યા વિના અચાનક આવે અને બધે નાશભાગ મચી જાય અને ભીખુ ભાઈ અગાઉથી ફોન કરીને આવે જેથી સામેનાને નાસભાગ કરવાની તક મળી જાય પણ ભીખુભાઈ એટલા બધા હોંશિયાર કે કોઈને મળવા જાય એટલે પહેલાં તેની ઓફિસ કે ઘેર પહોંચી જાય અને બહારથી ફોન કરે કે હું આવું છું. આપણે હજી નાસભાગનો વિચાર કરીએ એ પહેલાં તો આપણી સામે તેઓ હસતાં મુખે પ્રગટ થઈ જાય...અને પછી તેમની સાદગી, સૌમ્યભાષા અને વિનમ્ર વ્યવહારના મોજામાં આપણે આખેઆખા તણાઈ જઈએ...મને લાગે છે કે આ ભીખુ ભાઈનું કોઈ 'દુશ્મન'નહીં હોય. કોઈ ધારે તો પણ ભીખુભાઈ ને દુશ્મનની કેટેગરીમાં મૂકી ન શકે. કેમ કે ભીખુભાઈ આમ જોઈએ તો મોટા જાદુગર છે એ મિત્રો ઉપરતો ઠીક છે પણ દુશ્મન કદાચ કોઈ હોય ને તો પણ એની ઉપર એવો જાદુ કરે કે પેલો બિચારો બીજે દિવસે ભીખુભાઈના ચાર પાંચ પુસ્તકો ખરીદીને વાંચતો હોય ! (ભીખુભાઈનું આ રહસ્ય મને હજીયે નથી સમજાતું) ભીખુભાઈ વિશે જો ખરેખર લખવામાં આવે ને તો એમના સર્જન કરતાં એમના જાદુ વિશે વધારે લખી શકાય. એમના સર્જનની તો કદાચ કોઈ મર્યાદાઓ પણ બતાવે....પણ જાદુની તો આપણે વાહ વાહ જ કરવી પડે. એમના જાદુ એમની સ્કૂલના વિદ્યાર્થીઓ, શિક્ષકો પ્રિન્સિપાલશ્રીથી શરૂ કરીને...મર્યાદિત વર્તૂળ અને સભાના સર્જકો, સચિવાલયના પટાવાળાથી શરૂ કરીને અધિકારીઓ સુધી, કોઈ પણ પક્ષના શેરીના કાર્યકર્તાથી શરૂ કરીને ધારાસભ્યો, સંસદ સભ્યો, મંત્રીશ્રીઓ અને છેક મુખ્યમંત્રી સુધી પહોંચેલા છે. ઘણી વખત કોઈનો ભવ્ય સમારોહ ચાલતો હોય ત્યાં ઓડિયન્સમાંથી ભીખુભાઈને અચાનક જાદુ કરવાનો વિચાર આવે અને સંચાલક પાસે પહોંચી જાય થોડીવારમાં તો માઈકમાં જાહેરાત થાય કે આ સમારોહમાં જાણીતા સર્જક ભીખુ કવિના ફલાણા પુસ્તકનું વિમોચન માનનીય મંત્રીશ્રી કરશે. સ્ટેજ ઉપર બેઠેલા બધા મહાનુભાવો ચમકે...આ શું થયું ? પહેલાં ભીખુભાઈ જાતે સ્ટેજ ઉપર જઈને દરેકને હાથમાં પેકીંગ કરેલું પુસ્તક આપી આવે...અગાઉથી બધા ફોટોગ્રાફરોને બેઠેલા મંત્રીશ્રીઓ, મહાનુભાવો પેકીંગ ખોલી પુસ્તક પ્રદર્શિત કરે, વિમોચિત કરે...દરમિયાન ભીખુભાઈ સ્ટેજની વચ્ચે મંત્રીશ્રી ફોટા પડાવે પુસ્તકનું વિમોચન થાય તે દરમિયાન તેમનો માણસ એ પુસ્તકની પચાસ - સો નકલો લઈને ઊભો હોય અને પુસ્તકો અડધી કિંમતે વહેંચાઈ પણ જાય...હવે કાર્યક્રમ કોઈનો હોય, ખર્ચ કોઈએ કર્યો હોય અને અંતે છવાઈ જાય ભીખુભાઈ...ત્યાં સુધી પણ ઠીક છે પણ બીજે દિવસે અખબારોમાં સમાચારો આવે ત્યારે આયોજકની ઊંઘ હરામ થઈ ગઈ હોય કેમ કે મૂળ કાર્યક્રમને બદલે અખબારોમાં મોટા અક્ષરે સર્જક ભીખુ કવિના પુસ્તકનું વિમોચન મંત્રીના હસ્તે થયું. છપાયું હોય અને વળી બધાના હાથમાં પુસ્તકવાળો ફોટો પણ નીચે હોય....આવો જાદુ માત્ર ગુજરાતમાં જ નહીં પણ ભારતભરમાં ભીખુભાઈ જ કરી શકે...ભીખુભાઈના જાદુની મુખ્ય શક્તિ હોય તો એમનો ઉત્સાહ, નિસ્વાર્થ ભાવ અને અતિશયોક્તિવાળી વિનમ્રતા...આ ત્રણ શસ્ત્રોથી ભીખુભાઈ ભલભલાને પરાસ્ત કરવામાં પાવરધા છે એમની ઝપટમાં ઉપરના તમામ પદાધિકારીઓ આવી ગયા હશે અને નહીં આવ્યા હોય તો ભવિષ્યમાં આવશે એ નક્કી છે.




ભીખુભાઈની બીજી એક ખાસિયત એ છે કે (આમ જોઈએ તો ઘણી બધી ખાસિયતો છે. આખું પુસ્તક લખી શકાય એટલી) તેઓ ક્યારેય કોઈ વાતમાં ના નથી કહેતા (પૈસા સિવાય) એમની પોઝિટીવીટી એટલી બધી પાવરફૂલ છે. આપણે હજીયે કશું વિચારીએ એ પહેલાં તો એ કામ કરાવીને જતાં પણ રહ્યાં હોય. પાછળથી ખબર પડે કે....બીજુ ભીખુ ભાઈનો સૌથી મોટો ગુણ મને આકર્ષી ગયો હોય તો એ છે કે આજ સુધી ભીખુભાઈએ મારી પાસે આટલા વર્ષોમાં કોઈની ટીકા કુથલી કે દોષારોપણ કર્યું નથી. માણસ જાતની જન્મજાત આ પ્રવૃત્તિ-વૃત્તિ ભીખુભાઈમાં કેમ નથી વિકસી એ આશ્ચર્ય અને આનંદની ઘટના છે અને એમનો આ એક જ ગુણ ચક્રવર્તી સમ્રાટ રાજાને માથે મુગટ શોભે તેમ તેમના વ્યક્તિત્વને શોભે છે.

ભીખુભાઈ એમની અત્યંત પોઝીટીવીટીને કારણે કેટલીક નેટવર્ક માર્કેટિંગ કંપનીઓમાં પણ જોડાયેલા (મારી જેમ) જો કે એમાં પોઝીટીવીટી કરતાં પૈસાનો પ્રભાવ વધારે હોવાથી એનો અંત બધી જગ્યાએ દુખદ આવેલો....આને કારણે ભીખુભાઈ વિશે ઘણી વખત મને મારા બેચાર મિત્રોએ ચેતવેલો કે ભીખુભાઈનું ધ્યાન રાખજો એ મલ્ટી લેવલ માર્કેટિંગ કરે છે તમને ભરાવી દેશે અને થયું એવું જ...

એક સાંજે ભીખુભાઈ બે ત્રણ કિલો મધવાળી ભાષા લઈને મારી પાસે આવ્યા અને એક નેટવર્ક કંપની વિશે વાત કરી મને સમજાવ્યો હું સમજી પણ ગયો સહમત થયો એ વખતે હું પણ એક એમએલએમ કંપનીમાં હતો મેં પણ એમને સમજાવ્યા તેઓ સમજી ગયા. સહમત થયા. તેમની કંપનીમાં એક હજાર રૂપિયા ભરવાના હતા મારી કંપનીમાં સાત હજાર....બંન્નેએ ભરેલા પણ ખરા...આવુ બધું થયું હોવા છતાં ભીખુભાઈએ ક્યારેય સંબંધને આંચ આવવા દીધી નથી. એ પ્રેમ અને વિનમ્રતાથી વ્યવહાર જાળવી

અનુસંધાન પાના નં. ૭ પર